Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com





# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર
Mo- 9016924808
સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 33,(SURAT), DATE-05/02/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૩૩, (સુરત), તા.૦૫/૦૨/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 વિહળધામ પાળિયાદમાં પૂજ્ય શ્રી વિસામણબાપુનો ૨૫૭ મો પ્રાગટ્ય દિવસ ઉજવાયો
3 નવસારી ખાતે કરાડીની રાષ્ટ્રીય શાળાના શતાબ્દી મહોત્સવમાં સહભાગી થતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
4 તાપી, ગાંધીનગર, મહેસાણા, પાટણમાં ભૂગર્ભજળ સ્તરનું શોષણ ૧૦૦ ટકાથી વધુ

## બારડોલીમાં રાજપૂત સમાજની વોલીબોલ ટુર્નામેન્ટમાં સેવણીની ટીમ ચેમ્પિયન બની

**વોલીબોલ ટુર્નામેન્ટમાં સુરત, તાપી, નવસારી અને ભરૂચ જિલ્લાની રાજપૂત સમાજના યુવાનોની ૬૪ ટીમોએ ભાગ લીધો હતો, ઉમરાછીની ટીમ રનર્સઅપ રહી**









**બારડોલી-** બારડોલી વિભાગ રાજપૂત સમાજ ટ્રસ્ટ દ્વારા રાજપૂત સમાજના યુવાનો માટે વોલીબોલ ટુર્નામેન્ટ નું આયોજન કરાયું હતું. સંગઠનની ભાવના સાથે યોજાયેલ ટુર્નામેન્ટમાં કુલ ૬૪ જેટલી ટીમોએ ભાગ લીધો હતો.

બારડોલી વિભાગ રાજપૂત સમાજ ટ્રસ્ટ અને રાજપૂત યુવા સંગઠન દ્વારા સમાજના યુવાનોમાં સંગઠન શક્તિ વધુ મજબૂત બને અને યુવાનો એક મંચ ઉપર આવે હેતુ સાથે અનેક વિવિધ કાર્યક્રમો નું વર્ષ દરમિયાન આયોજન કરવામાં આવે છે. સમાજ ના પ્રમુખ ભુપેન્દ્રસિંહ સોલંકીના માર્ગદર્શન હેઠળ તમામ પ્રવૃત્તિઓનું સફળ આયોજન કરાય છે. એ જ રીતે આ વર્ષે પણ બારડોલી તાલુકાના ખરવાસા ખાતે વોલીબોલ ટુર્નામેન્ટ નું આયોજન કરાયું !

વોલીબોલ ટુર્નામેન્ટમાં સુરત, તાપી નવસારી અને ભરૂચ જિલ્લા મળી કુલ ૬૪ જેટલી રાજપૂત યુવાનોની ટીમે ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ મેચ ઉમરાછી અને સેવણી વચ્ચે રમાઈ હતી. જેમાં સેવણી ની ટીમ ફાઇનલ વિજેતા બની હતી. વિજેતા તેમજ રનર્સ અપ ટિમ ને યુવા સંગઠન ના સભ્યો દ્વારા રોકડ પુરસ્કાર અને ટ્રોફી આપવામાં આવી હતી. સમગ્ર ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે બારડોલી વિભાગ રાજપૂત યુવા સંગઠન ની રમત ગમત સમિતિ તેમજ સમગ્ર યુવા ટીમે તનતોડ મહેનત કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## નકલી ઘી બનાવતી ફેક્ટરી પર દરોડો:૧૪.૪૮ લાખનો મુદ્દામાલ જપ્ત, ડ્રગ્સ એન્ડ ફૂડ વિભાગે સેમ્પલ લીધા

**બારડોલી-** સુરત જિલ્લાના પલસાણા તાલુકાના જોળવા ગામની સીમમાં આવેલી મારુતિ ઇન્ડસ્ટ્રીઝમાં શિવ શક્તિ ફૂડ એન્ડ ડેરી પ્રોડક્ટ નામની ફેક્ટરીમાં પોલીસે દરોડો પાડ્યો હતો. 30 જાન્યુઆરીના રોજ પાડવામાં આવેલા આ દરોડામાં પોલીસને લેબલ વગરના પૂઠાના બોક્સ અને પતરાના ડબ્બાઓમાં શંકાસ્પદ ઘી જેવું પ્રવાહી મળી આવ્યું હતું.

પોલીસે શંકાસ્પદ ઘી અને અન્ય સાધન સામગ્રી સહિત કુલ રૂ. ૧૪,૪૮,૭૪૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ મામલે પોલીસે તરત જ ડ્રગ્સ એન્ડ ફૂડ વિભાગને જાણ કરી હતી. આજે ડ્રગ્સ એન્ડ ફૂડ વિભાગની ટીમે સ્થળ પર પહોંચી ઘીના નમૂના લીધા હતા અને ડબ્બાઓને સીલ કરી દીધા હતા. વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે લેબોરેટરી રિપોર્ટ આવ્યા બાદ આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.





## શ્રી દક્ષિણ ગુજરાત ક્ષત્રિય (રાજપૂત) સંઘ મગોબ અને ચીખલી (ડુંગર) ગામના સંયુક્ત ઉપક્રમે વસંત પંચમીના દિવસે ૧૧ મો સમૂહલગ્ન સમારોહ યોજાયો

**કામરેજ-** કામરેજ તાલુકાના ડુંગર ચીખલી ગામ ખાતે ક્ષત્રિય રાજપૂત સમાજના ૬ નવદંપતી જોડાઓ ના શુભ વિવાહ કરવામાં આવ્યા હતા જેમાં શ્રી રાજપુત કરણી સેના ના દક્ષિણ ગુજરાત અધ્યક્ષ મેહુલસિહ દેસાઈ હસ્તે લગ્ન મંડપ મુહૂર્ત ની વિધિ કરી આ શુભ કાર્યનો શુભારંભ કરાવ્યો હતો.

આ કાર્યમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત કથાકાર ભરતભાઈ વ્યાસ ધરમપુર તથા કીમ પોલીસ સ્ટેશનના પી.આઈ પ્રવિણસિંહ જાડેજા તેમજ ઝંખવાવ પોલીસ સ્ટેશનના પી. આઈ., શ્રીમતિ કિરણબા જાડેજા. દક્ષિણ ગુજરાત ક્ષત્રિય સમાજના પ્રમુખ પ્રદયૂમ્નસિંહ ગોહિલ તથા બારડોલી વિભાગ રાજપૂત સમાજના અગ્રણીઓ, પલસાણા તાલુકા રાજપૂત સમાજના અગ્રણીઓ, વાલોડ વિભાગ રાજપૂત સમાજના અગ્રણીઓ, માંડવી વિભાગ રાજપૂત સમાજના અગ્રણીઓ, કિમ કોસંબા વિભાગ રાજપૂત સમાજ ના અગ્રણીઓ તેમજ સમસ્ત ચીખલી ગામના વડીલો યુવાનો અને રાજપૂત સમાજના અગ્રણી ભરતસિંહ સોલંકી શૈલેન્દ્રસિંહ સોલંકી મયુરસિંહ ગોહિલ ડો. પાયલબેન મહિડા સામાજિક અગ્રણી અજીતસિંહ સૂરમા, ડો. આકાશસિંહ બારડ ડો. સાક્ષી રાઠોડ, અપૂર્વસિંહ પરમાર ડો. ઝીલરાજસિંહ મહિડા ડો. ધરતી સોલંકી નેશનલ પ્રેસ એસોસિયેશન NPA ના ગુજરાત પ્રદેશ મીડિયા કન્વીનર અને ગુજરાત આત્મીયતા ન્યુઝ અખબારના તંત્રી હિમાંશુસિંહ ઠાકોર તેમજ શ્રી રાજપુત કરણી સેનાના સુરત જિલ્લા પ્રમુખ મિતુલસિંહ સુરમા, સુરત જિલ્લા મહામંત્રી જશપાલસિંહ પરમાર, કરણી સેનાના હોદ્દેદારો અને રાજપૂત સમાજના અગ્રણીઓ તેમજ ચીખલી ગામની આજુબાજુ ગામના વડીલો યુવાનો ૧૧ મો સમૂહ લગ્ન સમારોહમાં વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.















કિમ. પો સ્ટે.ના P.I.,P.H. જાડેજા અને ઝંખવાવ પો. સ્ટે . P.I. શ્રીમતિ કિરણબા જાડેજા આમંત્રણને માન આપી ઉપસ્થિત રહ્યા



## સુરત જિલ્લા કોંગ્રેસની 'જય બાપુ જય ભીમ' પદયાત્રા:પલસાણા અને કડોદરામાં સંવિધાન બચાવો અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો

**બારડોલી-** સુરત જિલ્લા કોંગ્રેસ પક્ષે પલસાણા અને કડોદરામાં 'જય બાપુ જય ભીમ જય સંવિધાન'પદયાત્રાનું આયોજન કર્યું હતું. સંવિધાન બચાવો અભિયાન અંતર્ગત યોજાયેલી આ યાત્રામાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મનહર પટેલના નેતૃત્વમાં મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા.

કડોદરા નગર કોંગ્રેસ કચેરીથી શરૂ થયેલી આ રેલી ચાર રસ્તા સુધી પહોંચી હતી, જયાં ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. યાત્રા દરમિયાન કડોદરા નગર કોંગ્રેસ પ્રમુખ ઉમેશભાઈ માસ્ટર, પલસાણા તાલુકા પ્રમુખ ધર્મેન્દ્રસિંહ સોલંકી સહિત અનેક હોદ્દેદારો હાજર રહ્યા હતા.

કાર્યકરોએ યાત્રા દરમિયાન 'જય બાપુ જય ભીમ' અને 'સંવિધાન બચાવો'ના સૂત્રોચ્ચાર કર્યા હતા. કોંગ્રેસના નેતાઓએ કેન્દ્રની ભાજપ સરકાર સામે સંવિધાનના રક્ષણનો મુદ્દો ઉઠાવ્યો હતો.







Date-05/02/2025 Wednesday

ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# પીએમ મોદી મહાકુંભમાં લગાવશે આસ્થાની ડૂબકી, મેળા ક્ષેત્રમાં કલાકનો સમય આરક્ષિત



**આ વખતે તેમનો કાર્યક્રમ નેત્ર કુંભના શિબિરમાં પ્રસ્તાવિત છે. જયારે રાષ્ટ્રપતિ મુર્મૂ ૧૦ મી ફેબ્રુઆરીએ મહાકુંભમાં જવાના છે.**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૫ ફેબ્રુઆરીએ પ્રયાગરાજ મહાકુંભની મુલાકાત લેશે જ્યાં તેઓ સંગમમાં ડૂબકી લગાવાશે. પીએમ મોદી બુધવારે માઘ માસની અષ્ટમી તિથિએ પવિત્ર ત્રિવેણીમાં સ્નાન કરશે. સ્નાન કર્યા બાદ તેઓ સંગમના કિનારે જ ગંગાની પૂજા કરશે અને દેશવાસીઓના કલ્યાણની કામના કરશે. વડાપ્રધાન આવતી કાલે સવારે ૧૦ વાગે મહાકુંભમાં પહોંચશે. અહીં તેઓ અરેલ ઘાટથી બોટ મારફતે સંગમ જશે. એકંદરે પીએમ મોદી પ્રયાગરાજમાં લગભગ એક કલાક રોકાશે. આ સમય દરમિયાન તેઓ સ્નાન અને ગંગા પૂજા કરીને પાછા ફરશે.

મહાકુંભમાં પીએમ મોદીનો લગભગ એક કલાકનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો છે. તેઓ બુધવારે સવારે લગભગ ૧૦ વાગે વિશેષ વિમાન દ્વારા બમરૌલી એરપોર્ટ પહોંચશે. આ પછી, આર્મીના ત્રણ હેલિકોપ્ટર અરલના ડીપીએસ મેદાનના હેલિપેડ પર ઉતરશે, જ્યાંથી તેઓ કાર દ્વારા વીઆઈપી જેટી પર જશે. અહીંથી નિષાદરાજ સંગમમાં ડૂબકી મારવા માટે ક્રુઝ પર જશે અને ગંગા પૂજા અને આરતી કરવામાં આવશે. આ દરમિયાન તેઓ અખાડા, આચાર્યવાડા, દાંડીવાડા અને ખાકચોકના પ્રતિનિધિઓને મળશે અને વાત કરશે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ તેમની સાથે હશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફેબ્રુઆરીમાં ૨૦૧૯ ના કુંભ મેળામાં આવ્યા હતા. આ દરમિયાન તેમણે ગંગામાં સ્નાન કર્યું હતું અને ગંગા પંડાલમાં સફાઈ કામદારોના પગ ધોયા હતા અને સામાજિક સમરસતાનો સંદેશ આપ્યો હતો. આ વખતે તેમનો કાર્યક્રમ નેત્ર કુંભના શિબિરમાં પ્રસ્તાવિત છે. જયારે રાષ્ટ્રપતિ મુર્મૂ ૧૦ મી ફેબ્રુઆરીએ મહાકુંભમાં જવાના છે.

# શહેરની પંચ તારક હોટલ ખાતે
# રિયલ સ્ટેટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર બિલ્ડીગ મટીરીયલના બિઝનેસ અંગેની મીટીગ





શહેરની પંચ તારક હોટલ ખાતે રાજપુત રિયલ એસ્ટેટ સિન્ડિકેટ ની દુબઈ ના પ્રોપર્ટી અને રિયલ એસ્ટેટ ની કંપની ઓ સાથે ઇન્વેસ્ટમેન્ટ પ્રોપર્ટી. રિયલ સ્ટેટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર બિલ્ડીગ મટીરીયલ ના બિઝનેસ અંગે ની તારીખ ૨ ફેબ્રુઆરી ૨૦૨૫ સવારે ૧૧:૦૦ વાગે તાજ હોટલ સિંઘુભવન રોડ અમદાવાદ મીટીંગ યોજાઈ.

# વિહળધામ પાળિયાદમાં પૂજય શ્રી વિસામણબાપુનો ૨૫૭ મો પ્રાગટ્ય દિવસ ઉજવાયો





લાખો લોકોની શ્રધ્ધાનું કેન્દ્ર અને પંચાળની પ્રસિદ્ધ દેહાણ જગ્યા વિહળધામ પાળિયાદમાં વસંત પંચમીના અતિ પાવન દિવસે પરમ પૂજય શ્રી વિસામણબાપુના ૨૫૭ માં પ્રાગટ્ય દિવસની ભવ્ય દિવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આ પાવન દિવસે વિહળધામ પાળિયાદમાં ભવ્ય સરસ્વતી યાગનુ આયોજન કરવામાં આવ્યું હતું. મધ્યાહને ઠાકરની દિવ્ય આરતી કરવામાં આવી હતી જેમાં પરમ પૂજય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર નિર્મળાબા ઉનડબાપુ, જગ્યાના પ્રેરક સંચાલક પરમ પૂજય શ્રી ભયલુબાપુ, પૂજય શ્રી ગાયત્રીબા, પૂજય દિયાબા, બાલઠાકર શ્રી પૃથ્વીરાજ બાપુ યજ્ઞ તેમજ આરતીમાં જોડાયા હતાં.

જગ્યાના આદ્યસ્થાપક પરમ પૂજય શ્રી વિસામણબાપુના ૨૫૭ માં પ્રાગટ્ય દિવસે ભવ્ય અન્નકુટ દર્શનનો લ્હાવો માણી સૌ ઠાકર સેવકો અને વિહળ પરિવાર ધન્ય થયાં. તો સાથો સાથ બણકલ ગૌશાળામાં ગાયોને લીલો ઘાસચારો અને લાપસી આપવામાં આવી આ ઉપરાંત કુતરાને લાડવા, પક્ષીને ચણ, કીડીઓને કીડીયારું અર્પણ કરી વિહળ પ્રાગટ્ય અવસરને ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. ઠાકરના અનેક શ્રદ્ધાળુઓએ આ ક્ષણનો અનેરો લ્હાવો લીધો હતો.

# કરાડી ગામની ઐતિહાસિક રાષ્ટ્રીય શાળાના ૧૦૦ વર્ષ પૂર્ણ:
# મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં શતાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ, દાંડી સત્યાગ્રહમાં મહાત્મા ગાંધી ૨૧ દિવસ અહિં રહ્યા હતા



નવસારી- નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના કરાડી ગામની ઐતિહાસિક રાષ્ટ્રીય શાળા આજે ૧૦૦ વર્ષ પૂર્ણ કરી રહી છે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની વિશેષ ઉપસ્થિતિમાં શતાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે.

આ ઐતિહાસિક શાળાની સ્થાપના ૧૯૨૪માં કરવામાં આવી હતી. આ શાળા સ્વતંત્રતા સંગ્રામ સાથે ગાઢ રીતે જોડાયેલી છે. દાંડી સત્યાગ્રહ દરમિયાન રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ ૨૧ દિવસ સુધી આ ગામમાં વસવાટ કર્યો હતો, જે આ વિસ્તારના ઈતિહાસનું એક મહત્વપૂર્ણ પ્રકરણ છે.

શતાબ્દી મહોત્સવમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સાથે જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ, ગૃહ મંત્રી હર્ષ સંઘવી અને શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરીયા પણ ઉપસ્થિત રહ્યા છે. આ શાળા માત્ર શિક્ષણનું કેન્દ્ર જ નહીં, પરંતુ સ્વતંત્રતા આંદોલનની સાક્ષી બનીને ગુજરાતના શૈક્ષણિક અને સ્વાતંત્ર્ય સંગ્રામના ઇતિહાસમાં મહત્વનું સ્થાન ધરાવે છે.

# ટેમ્પામાંથી ૨.૭૦ લાખનો વિદેશી દારૂ સહિત ૧૦.૭૦ લાખનો મુદ્દામાલ જપ્ત, એક આરોપી ઝડપાયો



બારડોલી- સુરત જિલ્લાના પલસાણા વિસ્તારમાં પોલીસે મોટી કાર્યવાહી કરતા વિદેશી દારૂની હેરાફેરી ઝડપી પાડી છે. પલસાણાથી સચિન જતા રોડ પરથી પોલીસે એક ટેમ્પામાંથી વિદેશી દારૂનો જથ્થો પકડી પાડ્યો હતો. પોલીસે આ કાર્યવાહીમાં ૨.૭૦ લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો, ૮ લાખની કિંમતનો ટેમ્પો, એક મોબાઈલ ફોન અને 30 નંગ ખાલી પૂઠાના બોક્સ સહિત કુલ રૂ. ૧૦,૭૦,૮૬૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ પ્રકરણમાં પોલીસે ટેમ્પાના ચાલક મયુરકુમાર વસંતલાલ પંચાલની ધરપકડ કરી છે. જયારે દારૂનો જથ્થો ભરી આપનાર અને મંગાવનાર આબિદભાઈ નામના શખ્સને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. પોલીસે આ મામલે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કાર્યવાહીથી પલસાણા વિસ્તારમાં થતી દારૂની હેરાફેરી પર અંકુશ લગાવવામાં પોલીસને સફળતા મળી છે.

# બારડોલીનાં કંટાળી ગામ નજીક એસ.ટી.બસે બાઈકને અડફેટે લેતાં શ્રમજીવીનું કરૂણ મોત




બારડોલી- બારડોલી કડોદ રોડ ઉપર આવેલા કંટાળી ગામની સીમમાં એસટી બસે અડફેટે લેતાં શ્રમજીવી બાઇક ચાલકનું સારવાર દરમ્યાન મોત નિપજયું હતું.

કડોદ મિંયાવાડી નજીક ગામે પાણીની ટાંકી પાસે પડાવમાં પત્ની, પુત્ર અને સબંધી યુવક સાથે રહેતા શ્રમજીવી સોહિલ દલ ઓડ તેની પત્ની તબ્બુ, નાનું બાળક તથા સબંધી સાથે બારડોલી ના પલસદ ગામે ખેત મજૂરી કામે ગયા હતા. સાંજના સમયે કામ પતાવી તેઓ મોટર સાઈકલ (જીજે-૧૯ આર-૯૫૩૪) ઉપર મિંયાવાડી પડાવ તરફ પાછા જઈ રહ્યા હતા.

આ સમયે માર્ગમાં આવતા કંટાળી ગામની પલસોદ ગામેથી કરી પરત ફરી સોહિલ ઓડની બસચાલકે મજુરીકામ તેને સારવાર માટે રહેલા બાઈકને ટક્કર મારી સીમમાં સામેથી ધસમસતી આવેલી માંડવીથી સુરત જતી એસટી બસ (જીજે-૧૮ ઝેડ ૭૮૬૬૦) ના ચાલકે ટ્રકને ઓવરટેક કરી સામેથી આવતી મોટરસાયકલને અડફેટે લેતા ચારે સવારો જમીન ઉપર હતા. ચાલક માથામાં પટકાયા બાઇક સોહિલને ગંભીર સિવિલ સુરત હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. જયાં સારવાર દરમ્યાન તેનું મોત નિપજતાં બારડોલી રૂરલ પોલીસ બસ ચાલક વિરૂધ્ધ અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તેની અટકાયતના ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળે છે.

# નિઝર તાલુકાના વેલદા ગામે ખેતરમાં જિલેટીન સ્ટીક સાથે ચાર પકડાયા



કુકરમુંડા- તાપીના નિઝર તાલુકાના વેલદા ગામની સીમા વિસ્તારમાં આવેલ ખેતરમાં એક ટ્રેક્ટર દ્વારા લાઇસન્સ વગર ગેરકાયદે બ્લાસ્ટિંગ કરી કૂવાનું ખોદકામ કરતા ચાર ઈસમોને તાપીની SOGની ટીમે એક્સપ્લોઝીવ જિલેટીન સ્ટીક સ્ફોટક પદાર્થ સહીત અંદાજિત એક લાખથી પણ વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડીને કાર્યવાહી હાથ ધરી છે.

તાપી SOG PI કે.જી.લીબાચીયાની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ ગત રોજ નિઝર પો. સ્ટે. વિસ્તારમાં તાપી જધની ટીમ પેટ્રોલીગમાં હતા. તે દરમ્યાન ખાનગી રાહે બાતમી મળેલ કે, ભાવિનભાઈ પૂજાલાલ પટેલ રહે. વેલદા તા.નિઝર જી.તાપી પોતાના ખેતરમાં એક ટ્રેક્ટર દ્વારા લાઇસન્સ વગર ગેરકાયદે બ્લાસ્ટિંગ કરી કૂવાનું ખોદકામ કરી રહેલ છે. જેથી તાપી જધની ટીમ બાતમી હકીકતના આધારે વેલદા ગામની સીમમાં ભાવિન પટેલના ખેતરમાં આવી તપાસ કરતા કુવામાં બ્લાસ્ટિંગ કરી ખેતરમાં એક ટ્રેક્ટર તથા ભાવિનભાઈ પુજાલાલભાઈ પટેલ રહે.વેલદા તા. નિઝર જી. તાપીતથા રામચંદ્ર નંદાજી ભીલ મુળ રહે. સુવાણાગામ જી. ભીલવાડા (રાજસ્થાન) હાલ રહે. નિઝર ખાતે ભૈરૂલાલ જાટના મકાનમાં તા.નિઝર જી. તાપી, જમનાલાલ સોહનલાલ જાટ. મુળ રહે. સુવાણાગામ જી. ભીલવાડા (રાજસ્થાન) હાલ રહે. નિઝર ખાતે

ભૈરૂલાલ લાદુલાલ જાટના મકાનમાં તા.નિઝર જી. તાપી, ધનરામ લાદુકીર મૂળ રહે. સુવાણાગામ જી. ભીલવાડા (રાજસ્થાન) હાલ રહે. નિઝર ખાતે ભૈરૂલાલ લાદુલાલ જાટના મકાનમાં તા.નિઝર જી.તાપીને ૦૭ નંગ જિલેટીન સ્ટીક સ્ફોટક પદાર્થ કિ. રૂ. ૧૪૦૦ તથા બ્લાસ્ટમાં ઉપયોગમાં લીધેલ લાલ કલરનો કેબલ વાયર આશરે ૭૦ મીટર કી.રૂ. ૭૦૦/- તથા બ્લાસ્ટમાં ઉપયોગમાં લીધેલ કાળા કલરનો કેબલ વાયર આશરે ૬૦ મીટર લંબાઇ નો કી.રૂ. ૬૦૦ તથા એક ઇલેક્ટ્રીક કરંટ માટેની લાકડાના બોક્ષમાં મુકેલ બેટરી કી. રૂ. ૫૦૦ તથા એક ટ્રેક્ટર નં. MXN-3૫૦૮ લખેલ FORD-3૬૦૦ ડ્રીલમશીન કમ્પ્રેશર સહીતનું ટ્રેક્ટર કી. રૂ. ૧,૦૦,૦૦૦ તથા એક ડબલ સીમવાળો મોબાઇલ રૂ. ૫૦૦ મળી કિંમત ૧, ૦3, ૭૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડીને ચારે ઈસમો વિરુદ્ધ નિઝર પોલીસ સ્ટેશનમાં ગુનો નોધી કાર્યવાહી હાથ ધરી છે.

# લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી, આગામી દિવસોમાં વધુ ઠંડી પડવાની આગાહી



ગાંધીનગર- રાજયના પાટનગર ગાંધીનગરમાં ફરી એકવાર ઠંડીનું મોજું ફરી વળ્યું છે. સોમવારે સવારે શહેરમાં લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી નોંધાયું છે, જયારે ગઈકાલે ૨૩ દિવસ બાદ પહેલીવાર તાપમાન સિંગલ ડિજિટમાં ૯.૮ ડિગ્રી સુધી પહોંચ્યું હતું. વહેલી સવારે અને રાત્રિના સમયે લોકો કડકડતી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે.

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલના જણાવ્યા અનુસાર, ૫થી ૭ ફેબ્રુઆરી દરમિયાન રાજયમાં ઠંડીનું જોર રહેશે. ઉત્તર ગુજરાતમાં લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રીથી નીચે જવાની શક્યતા છે, જયારે અમદાવાદ અને ગાંધીનગરમાં તાપમાન ૧૩ ડિગ્રી આસપાસ રહી શકે છે. ફેબ્રુઆરીમાં ગુજરાતના ઉત્તર-પૂર્વીય ભાગોમાં વાદળછાયું વાતાવરણ અને છૂટાછવાયા વરસાદની શક્યતા છે.

૯થી ૧૧ ફેબ્રુઆરી દરમિયાન હવામાનમાં ફેરફાર થવાની સંભાવના છે. ૧૧ અને ૧૨ ફેબ્રુઆરીએ ઉત્તર ભારતમાં હિમવર્ષાને કારણે સવારે ઠંડી રહેશે. ૧૯ ફેબ્રુઆરીથી ગરમીની શરૂઆત થશે અને ૧૪ એપ્રિલ સુધી રોગિષ્ઠ હવામાન રહેવાની આગાહી છે. માસના અંત સુધીમાં વાદળછાયું વાતાવરણ અને કમોસમી વરસાદની શક્યતા છે. વર્તમાન સ્થિતિમાં, ગાંધીનગરમાં દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે, જયારે રાત્રે તાપમાન ૧૬ ડિગ્રી સેલ્સિયસ સુધી નીચે જઈ શકે છે. દિવસ દરમિયાન આંશિક વાદળછાયું વાતાવરણ અને ૩થી ૯ મા લ પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની સંભાવના છે.

# વિદેશથી એમબીબીએસ ભણ્યા બાદ ફોરેન ગ્રેજયુએટ પરીક્ષા પાસ કરનારા ગુજરાતના 3 વિદ્યાર્થીના પરિણામ રદ



મેડિકલ કમિશનના નિયમો મુજબ એમબીબીએસનો અભ્યાસ વિદેશની યુનિ. માંથી કર્યા બાદ વિદ્યાર્થીએ ભારતમાં મેડિકલ પ્રેક્ટિસ-રજિસ્ટ્રેશન માટે નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન દ્વારા લેવાતી ફોરેન મેડિકલ ગ્રેજયુએટ એક્ઝામ ફરજીયાત આપવાની હોય છે ત્યારે એક્ઝાનિશન બોર્ડ દ્વારા આ પરીક્ષા પાસ કરી ચુકેલા ગુજરાતના 3 સહિત દેશના કુલ ૮ ઉમેદવારોના પરિણામ-પાસિંગ સર્ટિફિકેટ લાયકાતોના કારણોસર રદ કર્યા છે.

આ પરીક્ષા આપતા પહેલા દરેક વિદ્યાર્થીએ નિયમો મુજબ પ્રાયમરી મેડિકલ ક્વોલિફિકેશનના આધારે એક્ઝામ આપવા માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ મેળવવાનું હોય છે અને જેમાં વિદ્યાર્થીએ વિદેશમાં ભણેલા કોર્ષ-વિવિધ વિષયો-ઈન્ટર્નશિપના ડોક્યુમેન્ટ રજૂ કરવાના હોય છે પ્રોવિઝનલ સર્ટિફિકેટ રજૂ કરવાનું હોય છે. બોર્ડ દ્વારા તમામ ઉમેદવારોના ડોક્યુમેન્ટ મેડિકલ કમિશનના નિયમો મુજબ ચેક કરવામા આવે છે. બોર્ડના ધ્યાને આવ્યુ છે કે ગુજરાત સહિત દેશના ૮ ઉમેદવારો-વિદ્યાર્થીઓના ડોક્યુમેન્ટ ખોટા હોય અથવા તો લાયકાતો પરીક્ષા માટે પુરતી નથી. જેથી નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન દ્વારા આઠેય વિદ્યાર્થીઓને ફોરેન મેડિકલ ગ્રેજયુએટ પાસ કર્યા બાદ અપાયેલા પાસિંગ સોર્ટિફિકેટ-પરિણામ રદ કરીને સર્ટિફિકેટ પાછા ખેચવામાં આવ્યા છે.

આ આઠ વિદ્યાર્થીઓમાં પાંચ વિદ્યાર્થીઓએ ડિસેમ્બર ૨૦૨૩ ના સેશનમાં ફોરેન મેડિકલ ગ્રેજયુએટ એક્ઝામ આપી હતી, જયારે ત્રણ વિદ્યાર્થીઓ જુન ૨૦૨૩ ના સેશનમાં પરીક્ષા આપી હતી. ગુજરાતના 3 વિદ્યાર્થીઓમાં આણંદનો નેઈલ સથવાર, આણંદની જાનવી પટેલ અને અમદાવાદનો ફરહાન મનસુરી છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ........



તંત્રી-
હિમાંશુસિંહ ઠાકોર

### સફળતા માટેના ચાવીરૂપ તત્ત્વોને અંગ્રેજીમા 'કી સકસેસ ફેક્ટર્સ' કહે છે જેનો પહેલો શબ્દ 'કી' એટલે એવી ચાવી

સફળતા માટેના ચાવીરૂપ તત્ત્વોને અંગ્રેજીમા 'કી સકસેસ ફેક્ટર્સ' કહે છે જેનો પહેલો શબ્દ 'કી' એટલે એવી ચાવી જેનાથી અનેક મુશ્કેલીઓ ઉભા કરતા તાળાને ખોલી શકાય.

ટેક્નોલોજી : સૌ પ્રથમ ટેક્નોલોજીની કુશળતાની વાત કરીએ તો જે ક્ષેત્રમા તમે કામ કરતા હોય તેને લગતી ટેક્નોલોજીમાં કુશળતા જોઇએ. જગતમાં અત્યારે હાઇ-ટેક ઉધોગો ધમધમતી પ્રગતિ કરી રહ્યા છે. ઇલેક્ટ્રીક કાર માટે ઊભી કરેલી ટેક્નોલોજીમાં એલન મસ્ક અગ્રેસર છે. દેશમાં નહી, વિદેશમા નહી પરંતુ ગ્રહો પર પહોચવાની અને ત્યાં વસવાની ટેક્નોલોજી પણ તેવો વિકસાવી રહ્યા છે. દવાના ક્ષેત્રમાં વૈજ્ઞાાનિક સંશોધનો કરવાની અધતન સંસ્થા ઊભી કરવાની તમારી કુશળતા ના હોય, અધતન લેબોરેટરીઝ અને દવાઓના સૂક્ષ્મતમ ટેસ્ટીંગ કરવાની વ્યવસ્થા ના હોય તો નવા સંશોધન વિનાની દવાની કંપની બહુ ટૂંકા સમયમાં કાલગ્રસ્ત (આઉટરેટેડ) બની જાય. મોબાઈલ ટેક્નોલોજીમાં તો દર થોડા થોડા સમયે જબરજસ્ત નવી ટેક્નોલોજી ખોળાઈ રહી છે. તમે કાં તો નવી પ્રોડક્ટ શોધો કે કાં તો નવી ઉત્પાદન ક્રિયા (પ્રોસેસ ઇનોવેશન) ખોળો કારણકે બન્ને અગત્યના છે.

મેન્યુફેક્ચરીંગમા સફળતા માટેના તત્ત્વો : ઉત્પાદન પદ્ધતિની નવી શોધ ભલેતમે ના કરી શકો પરંતુ તમારી ચાલુ ઉત્પાદન પદ્ધતિમા ઊંચા સ્તરના ઉત્પાદનના લાભો મેળવી શકો અને આ બાબતમા હરીફ કંપનીઓને મહાત કરો તો પણ તમે સફળ થાઓ. અંગ્રેજીમા આને ઇકોનોમીક ઓફ લાર્જ સ્કેલ પ્રોડક્શન કહે છે જેને અર્થશાસ્ત્રના અને મેનેજમેન્ટના દરેક વિદ્યાર્થીને ખબર હોય છે. તમારી ફેક્ટરીની કુલ ક્ષમતા કરતા પણ ગુણવત્તામા બાંધછોડ કર્યા વિના તમારી ફેક્ટરી ૧૧૦ ટકાની કે ૧૨૦ ટકાની ઉત્પાદન ક્ષમતાએ કામ કરે તો તમે નીચાભાવે વધુ કાર્યક્ષમ પ્રોડક્ટ ગ્રાહકોને આપી શકો છો. તમારી પ્રોડક્ટની ડીઝાઈન જ એવી નવતર હોય કે તમારી પ્રોડક્ટનું મીશ્રણ (જેમ કે લીપ્ટન ચા કે વાઘ બકરી ચા કે બ્રુકબોન્ડ ચા) અદ્ભુત હોય તે પણ તમને સફળતા અપાવે છે.

આ મીશ્રણ (પેઇન્ટ ઉધોગને પણ આ વાત લાગુ પડે છે) એવું હોવું જોઇએ જેનુ કોઈ અન્ય કંપની સહેલાઇથી અનુકરણ કરી શકે નહીં. ખરીદી કરનાર ગ્રાહકોના જુદા જુદા સ્પેસીફીકેશન્સ અનુસાર તમે તમારી પ્રોડક્ટ કે સર્વીસને 'કસ્ટમાઇઝ' કરી શકો અને જુદા જુદા આકારની કે કદની કે જુદી જુદી ડીઝાઈનની પ્રોડક્ટસનું 'ઓટોમેશન'કરી શકો તે પણ તમને (ખાસ કરીને વસ્ત્ર ઉધોગમા) હરીફો પર સરસાઈની ભેટ આપે છે.

માર્કેટીંગ ક્ષેત્રમાં સફળતાના પરિબળો : તમારી પ્રોડક્ટ લાઈન લાંબી હોય (તદ્દન નાના, નાના, મધ્યમ, તદ્દન મોટા રેફ્રીજરેટર્સની લાઇન કે કુકીંગ રેન્જ, અને સાથે સાથે તમારી બ્રાંડ પ્રતિષ્ઠિત હોય અને તમારી પાસે માલની ટૂંકા સમયમાં આપી શકાતી ડીલીવરીની વ્યવસ્થા હોય અને ચતુરાઈપૂર્વકની કે આકર્ષક જાહેરાત હોય તો તમે સફળતાની ટોચે પહોચી શકો છો. આથી જે કાર કંપની પાસે મેન્યુફેક્ચરીંગ કુશળતા ઉપરાંત અનેક પ્રકારની કાર બનાવવાની (જેમ કે સ્પોર્ટસ કાર, યુટીલીટી કાર, જીપ, લકઝરી કાર, સીડાના, સફારી, સ્ટેશન વેગન વગેરે) તાકાત હોય તો તમે કારનું સફળ માર્કેટીંગ કરી શકો પરંતુ સામેલાએ તમારી પાસે છૂટક અને જથ્થાબંધ ડીલરોનું મજબૂત નેટવર્ક હોવુ જોઇએ. કંપનીના પોતાના જ છૂટક વેચાણના સ્ટોર્સ હોય અને તેમ પણ તમારી પ્રોડક્ટની આકર્ષક ડીસ્પ્લે (પ્રદર્શન) ની સગવડ હોય તો સોનામા સુગંધ ભળે છે. તેમા માત્ર એટલું જ ઉમેરવાનુ કે તમારી પ્રોડક્ટ કે સર્વીસના સેલ્સમેનગણને વખતોવખત સારી ટ્રેનીંગ આપી તેમને કુશળ બનાવવાની તમારી તૈયારી હોવી જોઇએ. તેનાથી જ તમારી ગ્લોબલ વિતરણ વ્યવસ્થાનુ નેટવર્ક ઊભું થશે. કર્મચારીગણ : ટોપ કક્ષાના કર્મચારીગણ હોવા એ દરેક સફળ કંપનીનું આભુષણ છે. તમારા અનુભવી મેનેજરો કે કારીગરો કે ડીપાર્ટમેન્ટલ વડાઓ ટપોટપ તમને છોડીને બીજી ઔધોગીક સંસ્થાઓમા જોડાતા હોય તો તે તમારી માટે ભયસૂચક ઘંટડી છે.

ઈનોવા કાર ભાડે થી મળશે
૫-સિટર
૭-સિટર

સંપર્ક- અનિલભાઈ
મો.97242 60058



સંપર્ક-મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ-૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ-૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

# નવસારી ખાતે કરાડીની રાષ્ટ્રીય શાળાના શતાબ્દી મહોત્સવમાં સહભાગી થતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

## ધનસંચયની જેમ જળસંચય કરો -ના અનુરોધ સાથે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે કહ્યું, દરેક ગામની જરૂરિયાતો પૂર્ણ કરી રહ્યા છીએ

**નવસારી -** મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પોતાના નવસારી પ્રવાસ દરમિયાન જલાલપોર તાલુકામાં કરાડી સ્થિત રાષ્ટ્રીય શાળાના શતાબ્દી મહોત્સવમાં વિશેષ સહભાગી થયા હતા. સૌને વસંત પંચમીની શુભકામનાઓ પાઠવીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે માઁ સરસ્વતીની આરાધના કેન્દ્ર એવા કરાડી ગામની રાષ્ટ્રીય શાળા ભારત વિદ્યાલયના શતાબ્દી મહોત્સવ સહભાગી થવાની તકને ગૌરવશાળી ગણાવી હતી. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં ૨૦૨૫ નું વર્ષ દેશના ગૌરવને ઉજાગર કરવાનું વર્ષ છે. આ વર્ષે સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ, ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ, સ્વ. અટલ બિહારી વાજપેયીજીની ૧૦૦મી જન્મજયંતિ, બંધારણના અમૃત મહોત્સવની ઉજવણી કરવાના છીએ, ત્યારે દેશની સ્વતંત્રતાના ભવ્ય ઇતિહાસના ગૌરવને ઉજાગર કરતી કરાડીની આ રાષ્ટ્રીય શાળાનો શતાબ્દી મહોત્સવ પણ આ વર્ષે ઉજવાય રહ્યો છે, તે સુભગ સંયોગ છે.

પૂજ્ય બાપુના ઐતિહાસિક નમક સત્યાગ્રહનો વારસો સાચવીને વસેલા આ કરાડી ગામમાં આવવું એ એક રોમાંચક સંભારણું છે, તેમ




મુખ્યમંત્રીશ્રીએ ગૌરવભેર જણાવ્યું હતું. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી એ આઝાદીના અમૃતકાળમાં આપણને વિવિધ સંકલ્પો આપ્યા છે, એ પૈકી તેમણે ગુલામીની માનસિકતા દૂર કરીને આપણા સમૃદ્ધ વારસા પર ગર્વ લેવાની પ્રેરણા આપી છે. દેશના ઐતિહાસિક વારસા સમાન દાંડીની વિશ્વભરના લોકો મુલાકાત લે અને તેનો ગૌરવ કરે તે માટે તેમણે દાંડી મેમોરિયલનો વિકાસ કર્યો હોવાનો શ્રી પટેલે ઉમેર્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલે કરાડી શાળાના શતાબ્દી વર્ષ પૂર્ણ કરતા શાળા સાથે સંકળાયેલા દાતાઓ અને શિક્ષકોને અભિનંદન આપ્યા હતા અને જલાલપોરના કાંઠા વિસ્તારમાં શિક્ષણ અને સામાજિક દ્રષ્ટિએ કરેલા યોગદાનને બિરદાવ્યા હતા . અને શાળાના સ્વાતંત્ર્ય સંગ્રામના ઐતિહાસિક વારસાને સાચવીને વિકસિત ભારતના સંકલ્પમાં શાળાના બાળકો વધુમાં વધુમાં સંકલ્પબદ્ધ થાય તે માટે શાળાને શુભેચ્છાઓ પાઠવી હતી. પાટીલે ધનસંચયની જેમ જળસંચયની મીઠી ટકોર કરી સ્વચ્છતા, શુદ્ધ પાણી, આંતરમાળખાકીય સુવિધાઓના વિષયોને પોતાના ઉદ્બોધનમાં આવરી લીધા હતા.

## પાંડેસરા વિસ્તારમાં પોલીસનું કોમ્બિંગ, ખાડી-અવાવરું જગ્યાએ ડ્રોનથી ચેકિંગ કરાયું



સુરત- સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા અવારનવાર અલગ-અલગ વિસ્તારોમાં કોમ્બિંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. જેને કારણે અસામાજિક તત્વોમાં પોલીસનો ખૂબ બની રહે તે જરૂરી છે. તપાસ દરમિયાન જે પણ અસામાજિક તત્વો પાસેથી હથિયાર ઝડપાય તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ખાડી અને અવાવરું જગ્યા ઉપર કોમ્બિંગ સુરત પોલીસ કમિશનર દ્વારા દરેક ઝોન પ્રમાણે સમયાંતરે ચેકિંગ હાથ ધરવામાં આવતું હોય છે. ખાસ કરીને તાપી નદીના કિનારે અથવા તો ખાલી કિનારે કેટલાંક સામાજીક તત્વો પોતાનો અડ્ડો બનાવી લેતા હોય છે. તેના ઉપર નજર રાખવા માટે કોમ્બિંગ કરવામાં આવતું હોય છે. ડ્રોનની મદદથી અવવારું જગ્યા ઉપર કોઈપણ ગતિવિધિ થાય તો તેના એક્શન લેવામાં આવે. પાંડેસરા પોલીસ દ્વારા આખા ખાડી વિસ્તારમાં અને જયાં પણ અસામાજિક તત્વોની અવરજવર હોય અથવા રહેતા હોય તેવા સ્થાન ઉપર પહોંચીને તપાસ હાથ ધરવામાં આવી હતી. તમામ વિસ્તારમાં ઝીણવટ ભર્યું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

ચોપડે નોંધાયેલા અસામાજિક તત્વોની તપાસ ડીસીપી ઝેડ. આર. દેસાઈએ જણાવ્યું કે, પાંડેસરા વિસ્તારની અંદર કોમ્બિંગની કામગીરી કરવામાં આવી રહી હતી. ઘણી વખતે અવાવરું જગ્યા ઉપર ક્રાઈમ થતું હોય છે તે વિસ્તારમાં પણ પોલીસ સતત નજર રાખીને કાર્યવાહી કરી રહી છે.

### દિવ્યાંગ ખેલાડીઓ માટે સુરતના રાંદેરમાં આયોજિત

## ખેલમહાકુંભના ગ્રાઉન્ડ ખાતે દિવ્યાંગ ખેલાડીઓની રમતગમત મંત્રી હર્ષ સંઘવીએ મુલાકાત લીધી

સુરતઃ સુરતના રાંદેર ખાતે દિવ્યાંગ ખેલાડીઓ માટે આયોજિત ખેલમહાકુંભના મેદાનમાં રમતો રમી રહેલા દિવ્યાંગ ખેલાડીઓની રમત-ગમત મંત્રી શ્રી હર્ષ સંઘવીએ આજે સરપ્રાઈઝ મુલાકાત લીધી હતી. જયાં તેમણે દિવ્યાંગ ખેલાડીઓને આપવામાં આવતી સુવિધાઓ, ભોજન વ્યવસ્થાનું નિરીક્ષણ કરીને રસોડાની પણ મુલાકાત લીધી હતી. તેમણે દિવ્યાંગો સાથે આત્મીય સંવાદ કરી પ્રોત્સાહિત કર્યા હતા.



રમત-ગમત મંત્રી શ્રી સંઘવીએ જણાવ્યું હતું કે, ખેલ મહાકુંભ એક એવો ખેલ મહોત્સવ છે, જેણે ગુજરાતના છેવાડાના ખેલાડીઓને તક આપીને એમની ખેલ પ્રતિભાને ઉજાગર કરવાની સાથે મર્યાદિત ક્ષમતાઓ ધરાવતા દિવ્યાંગ ખેલાડીઓને સ્પોર્ટ્સમાં આગળ વધવાની પણ સુવર્ણ તક આપી છે. દિવ્યાંગ ખેલાડીઓને કુદરતે વિશેષ શક્તિઓ આપી છે, ત્યારે એમનું ખેલ કૌશલ્ય નિખરે અને તેમના પુરૂષાર્થ થકી તેઓ પરિવાર અને રાજયનું ગૌરવ વધારે તે માટે રાજય સરકાર દિવ્યાંગ ખેલાડીઓને વિશેષ તાલીમ આપી રહી છે એમ તેમણે ઉમેર્યું હતું.

આ વેળાએ મેયરશ્રી દક્ષેશ માવાણી, સ્થાયી અધ્યક્ષ રાજન પટેલ, જિલ્લા રમતગમત અધિકારી વિરલ પટેલ સહિત કોર્પોરેટરો, અગ્રણીઓ અને દિવ્યાંગ ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આગામી ૨૪ કલાકમાં ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો થશે, સાયક્લોનિક સર્ક્યુલેશનના પગલે મોટાભાગના શહેરોમાં વાદળો છવાયા

હવામાન વિભાગની આગાહી અનુસાર, ગતરોજની



સરખામણીએ આજે (૩ ફેબ્રુઆરી) કેટલાક જિલ્લાઓનું લઘુતમ તાપમાન એકથી બે ડિગ્રી સેલ્સિયસ સુધી વધ્યું છે. જયારે મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં લઘુતમ તાપમાનમાં ચારથી પાંચ ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાયો છે. તાપમાન આગામી ૨૪ કલાક યથાવત્ રહેશે. જે બાદ ફરી ઠંડી વાતાવરણમાં ૩થી ૪ ડિગ્રીનો ઘટાડો નોંધાતા ઠંડી પોતાનું જોર અજમાવશે. આમ જોતા રાજયના તાપમાનમાં ઉતાર-ચડાવ યથાવત્ રહેશે.

અમદાવાદમાં રહેશે વાદળછાયું વાતાવરણ હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે.દાસના જણાવ્યા અનુસાર ગુજરાતમાં ૨૪ કલાક તાપમાન યથાવત્ રહેશે. ત્યારબાદ ધીમે ધીમે રાજયના મોટાભાગના જિલ્લાઓનું લઘુતમ તાપમાન ૩ થી ૪ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટશે. તથા ઉત્તર ગુજરાતના ભાગો અને પૂર્વ ગુજરાત તરફ એક સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે. જેને કારણે અમદાવાદ અને આસપાસના વિસ્તારમાં આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન વાદળછાયું વાતાવરણ થવાની શક્યતાઓ છે. આ વાદળો જમીનની સપાટીથી ખૂબ જ ઊંચા હશે જેથી વરસાદની શક્યતાઓ હાલમાં નહિવત્ છે, પરંતુ અમદાવાદ અને આસપાસના વિસ્તારમાં એટલે કે મધ્ય ગુજરાતના ભાગોમાં છુટા છવાયા વાદળો દેખાઈ શકે છે.

## ગુજરાત સરકારને શાળા સંચાલક મંડળની ચેતવણી, પ્રિ સ્કૂલના નિયમોમાં છૂટછાટની માગ

રાજયભરની પ્રી-સ્કૂલના સંચાલકોએ હડતાળ પાડી હતી અને વિરોધ નોંધાવ્યો હતો. કારણ કે, રાજય સરકાર દ્વારા નવી શિક્ષણનીતિનો સ્વીકાર કરાયા બાદ રાજયમાં ચાલતી પ્રી-સ્કૂલોની નોંધણી ફરજિયાત કરવામાં આવી છે. પરંતુ તેમાં કેટલીક શરતોને લઈ પ્રી-સ્કૂલના સંચાલકોમાં ભારે નારાજગી છે.



રાજયમાં પ્રી-સ્કૂલની નોંધણી ફરજિયાત કરવામાં આવી છે અને પ્રી-સ્કૂલની નોંધણી માટેના નિયમો પણ બનાવ્યા છે. જે નિયમોમાં છૂટછાટ માટેની અનેક વખત માગ કરાઈ છે. પરંતુ રાજય સરકારને સંચાલક મંડળે શિક્ષણમંત્રીને મળીને રજૂઆત કરી હતી અને નિયમોમાં ફેરફાર કરવાની બાંયધરી આપી હતી. જો કે, હજુ સુધી નિયમોમાં કોઈ ફેરફાર કરવામાં કરાયો નથી. જેને લઇને પ્રી-સ્કૂલ સંચાલકોએ ચીમકી ઉચ્ચારી છે કે, ૧૬મી ફેબ્રુઆરી સુધી ફેરફાર કરવામાં નહીં આવે તો નોંધણી વિના પ્રી-સ્કૂલ ચલાવવામાં આવશે. નોંધનીય છે કે, અત્યાર સુધી ૧૦% જેટલી પ્રી-સ્કૂલોએ પણ નોંધણી કરાવી નથી.

શાળા સંચાલક મંડળના પ્રમુખ ભાસ્કર પટેલના જણાવ્યાનુસાર, પ્રી-સ્કૂલ માટે ૧૫ વર્ષ ભાડા કરારને કારણે ૬ ટકાને બદલે ૧૨ ટકા સ્ટેમ્પ ભરવો પડે છે. પ્રી-સ્કૂલ રજિસ્ટ્રેશન માટે વર્ગ દીઠ રજિસ્ટ્રેશન ફીનો નિયમ ખોટો છે. આગામી દિવસોમાં પ્રી-સ્કૂલ માટે કોઈ નિર્ણય નહીં આવે તો અમે નોંધણી વિના જ પ્રી-સ્કૂલ ચલાવીશું.'

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## ખોદકામ બાદ માટીના ઢગલાં બારડોલી મોતા રોડ પર ખડકાતા વાહનચાલકો તોબા



**બારડોલી-**બારડોલી મોતા રોડ પર GETCO દ્વારા ચાલી રહેલી કામગીરીને કારણે વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. રોડ પર ખોદવામાં આવેલા ખાડા અને માટીના ઢગલાને કારણે વાહન ચલાવવું મુશ્કેલ બન્યું છે. ખાસ કરીને રાત્રિના સમયે અકસ્માતની શક્યતા વધી ગઈ છે. રોડના અડધા ભાગ પર માટી પાથરી દેવામાં આવી હોવાથી વાહનચાલકોને વાહન ચલાવવામાં ખૂબ જ તકલીફ પડી રહી છે. ઉપરાંત ખાડામાં પડવાથી વાહનોને નુકસાનની પણ શક્યતા છે.

આ સમગ્ર મામલે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે, GETCO દ્વારા કામગીરી દરમિયાન સલામતીના પગલાં લેવામાં આવ્યા નથી. રોડ પર કોઈ સૂચના બોર્ડ પણ લગાવવામાં આવ્યા નથી. જેના કારણે વાહનચાલકોને વારંવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. લોકોએ સત્તાવાળાઓને અપીલ કરી છે કે, આ મામલે યોગ્ય પગલાં લઈને વાહનચાલકોની સુવિધા માટે કામ કરવામાં આવે. રોડ પર ખોદવામાં આવેલા ખાડાને ઝડપથી પૂરવામાં આવે અને માટીને દૂર કરવામાં આવે તેમજ રોડ પર સલામતીના પગલાં પણ લેવામાં આવે જેથી લોકોને પડતી મુશ્કેલીનો અંત આવી શકે.

## લાખ્ખોનું શંકાસ્પદ ઘી ઝડપાયા બાદ જોળવાની ફેક્ટરી સીઝ

**બારડોલી-**પલસાણા પોલીસે જોળવા ગામની સીમમાં આવેલ મારુતિ ઈન્ડસ્ટ્રીઝમાં શિવ શક્તિ ફૂડ એન્ડ ડેરી પ્રોડક્ટ નામની ફેક્ટરીમાંથી શંકાસ્પદ ઘીનો મોટો જથ્થો ઝડપી પાડવાની ઘટનામાં સુરત ફૂડ એન્ડ ડ્રગ વિભાગ તેમજ અમદાવાદ સેંટ્રલ ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા આજરોજ કાર્યવાહી હાથ ધરી ફેક્ટરીમાંથી નમૂના લઈ ફેક્ટરી સીઝ કરી દેતાં ભારે ચકચાર મચી ગઈ હતી.

આ અંગ મળતી માહિતી અનુસાર બે દિવસ અગાઉ પલસાણા પોલીસે બાતમીના આધારે જોળવા જીઆઇડીસીમાં આવેલ શિવ શક્તિ ફૂડ એન્ડ ડેરી પ્રોડ્ક્ટમાં દરોડા પાડી શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કરી ૧૪.૪૮ લાખ રૂપિયાનો મુદ્દામાલ સીઝ કર્યો હતો અને કેટલાક નમૂના પણ પરીક્ષણ માટે લીધા હતા.

આ દરમ્યાન પોલીસે સુરત ફૂડ એન્ડ ડ્રગ વિભાગ તેમજ અમદાવાદ ખાતે



**અમદાવાદ સેંટ્રલ ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા આજરોજ કાર્યવાહી હાથ ધરી ફેક્ટરીમાંથી નમૂના લઈ ફેક્ટરી સીઝ કરી દેતાં ભારે ચકચાર મચી**

આવેલ સેંટ્રલ ફૂડ એન્ડ ડ્રગ વિભાગની ટીમે તપાસ શરૂ કરતાં આજ રોજ કેટલાક નમૂના પરીક્ષણ માટે લીધા હતા અને ફેક્ટરી સીઝ કરી દીધી હતી. પોલીસને સાથે રાખી કાર્યવાહી કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ આ ફેક્ટરી ઉપર લોકલ ક્રાઇમ બ્રાન્ચે શંકાસ્પદ મુદ્દામાલ સીઝ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

## તાંતીથૈયા ગામેથી ચોરીના ૨ મોબાઇલ સાથે ૧ ઝડપાયો

પલસાણા- પલસાણા કડોદરા જીઆઇડીસી પોલીસ સ્ટેશનના માણસો પેટ્રોલિંગમાં હતા જે દરમિયાન તાંતીથૈયા ગામેથી એક મોબાઈલ ચોરને ઝડપી પાડી તેમની પાસેથી બે મોબાઈલ કબજે કર્યા હતા તેમજ ગુનાહિત ઇતિહાસ તપાસતા આરોપી રીઢો ગુનેગાર હોવાનું બહાર આવ્યું હતું મળતી માહિતી અનુસાર કડોદરા જીઆઇડીસી પોલીસ મથકના ભૌતિકભાઈ મહેન્દ્રભાઈ તેમજ હરેશભાઈ ખુમાભાઈ ના આવોને સંયુક્ત રાહે મળેલ બાતમી આધારે તાંતીથૈયા ખાતે સહયોગ હોટલની સામે નહેર નજીકથી એક ઇસમને



ઝડપી ખીસા તપાસતા બે બંધ હાલતમાં મોબાઈલ મળી આવ્યા હતા.

મોબાઈલ અંગે પુરાવા માંગતા યોગ્ય જવાબ નહિ આપતા પોલીસે વધુ તપાસ કરતા બન્ને મોબાઈલ આગલા દિવસે તાંતીથૈયા સહયોગ હોટલની સામે આવેલ ચા ની દુકાને ચા પીવા આવતા ઇસમોની નજર ચૂકવી ચોરી કર્યા હોવાનું કબુલાત કરી હતી વધુમાં તપાસ કરતા ઝડપાયેલો ઈસમ જગદીશ ઉર્ફે જગુ ઉર્ફ ભાવુ ચોટલી કરસનભાઈ કટારીયા (રહે. અયોધ્યા રેસિડેન્ટ, હલધરું) ની અટક કરી બન્ને મોબાઈલ કબ્જે કર્યા હતા પોલીસે ગુનાહીત ઇતિહાસ તપાસતા આરોપી ચોરીનો રીઢો ગુનેગાર હોવાનું જણાય આવ્યુ હતું.

## શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા ૬૪૭ મો આઈ કેમ્પ





**બારડોલી-**શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા સંચાલીત શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે તા. ૦૩/૦૨/૨૦૨૫ ને સોમવારના રોજ ૬૪૭ માં આઈ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોતિયાના ઓપરેશનો લેન્સ સાથે નીઃ શુલ્ક કરવામાં આવ્યા. તેમજ દર્દી તથા તેમના સગાને ભોજન (નારાયણ સેવા) કરાવવામાં આવ્યું.

શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે આંખ વિભાગ, દાંત વિભાગ અને ફિઝિયોથેરાપી વિભાગ સવારે ૯.૦૦ થી ૫.૦૦ ચાલે છે અને બધી જ સારવાર એકદમ ફ્રીમાં કરવામાં આવે છે. જરૂરિયાત મંદ લોકોને લાભ લેવા વિનંતી

## તાપી, ગાંધીનગર, મહેસાણા, પાટણમાં ભૂગર્ભજળ સ્તરનું શોષણ ૧૦૦ ટકાથી વધુ

બારડોલ- પલસાણા ખાતે ગોયલ ભારતને જલ- ઊર્જા- રોજગારી સ્વનિર્ભરતાના માર્ગ પર લઈ જવાની દિશામાં ૩ ગામોનું ક્લસ્ટર બનાવવાનો ઉદ્દેશ્ય ભારતનું પ્રથમ જળ- ઉર્જા- રોજગાર સ્વનિર્ભર ક્લસ્ટર બનાવવા સેમિનાર યોજાયો હતો.

આ સેમિનારમાં ડો. નીલમ ગોયલે જણાવ્યું કે, છેલ્લા ૧૦ વર્ષમાં સમગ્ર દેશમાં ૬૦% ભૂગર્ભજળનું સ્તર નીચે ગયું છે. જલ શક્તિ મંત્રાલયના તાજેતરના અહેવાલ મુજબ, રાજસ્થાન (૧૫૦%), પંજાબ (૧૫૭%), દાદરા-નગર હવેલી અને દમણ-દીવ (૧૪૨%), હરિયાણા (૧૩૬%) અને દિલ્હી (૧૦૧%) જેવા રાજ્યો. અને એવા કેન્દ્રશાસિત પ્રદેશો છે, જેમાં ભૂગર્ભજળનો શોષણ દર ૧૦૦% થી વધુ પહોંચી ગયો છે. એટલે આ રાજ્યોમાં દર વર્ષે, વરસાદી પાણી દ્વારા રિચાર્જ કરતા વધુ જમીનમાંથી લેવાય છે. જે રાજ્યોમાં સિંચાઈ એ ભૂગર્ભજળના શોષણનું મુખ્ય કારણ છે.



**ભૂગર્ભજળનો શોષણ દર ૧૦૦% થી વધુ પહોંચી ગયો છે. એટલે આ રાજ્યોમાં દર વર્ષે, વરસાદી પાણી દ્વારા રિચાર્જ કરતા વધુ જમીનમાંથી લેવાય છે. જે રાજ્યોમાં સિંચાઈ એ ભૂગર્ભજળના શોષણનું મુખ્ય કારણ છે.**

રાજસ્થાન (૮૨%), પંજાબ (૯૫%) અને હરિયાણા (૯૦%).સિંચાઈ, ઉદ્યોગ અને પીવાના હેતુ પાણીના વર્તમાન વપરાશ મુજબ રાજસ્થાન એવું રાજ્ય છે કે જ્યાં ભૂગર્ભજળના વધુ ઉપયોગનો અવકાશ લગભગ સમાપ્ત થઈ ગયો છે. તેથી, શોષણ દર ૧૦૦% થી વધુ છે, ભારતના પરમાણુ મિત્ર, ડો. નીલમ ગોયલ અને તેમના સલાહકાર, વિપ્રા ગોયલ અને ભારત સરકારના ભૂતપૂર્વ સલાહકાર, સાથે મળીને ૯૫% શોષણને દૂર કરવા તેમના જીવનનું મિશન બનાવ્યું છે. કિંમતી ભૂગર્ભજળના ટેબલને શોષણથી મુક્ત કરવાથી રિવર્સ રિચાર્જ થશે. ગુજરાત રાજયમાં જ, બનાસકાંઠા, ગાંધીનગર, મહેસાણા, પાટણ અને તાપી એવા જિલ્લાઓ છે જ્યાં ભૂગર્ભજળ સ્તરનું શોષણ ૧૦૦% થી વધુ છે. આ જિલ્લાઓમાં પણ, સિંચાઈ દ્વારા ભૂગર્ભજળનું શોષણ કુલ શોષણના ૯૦% કરતા વધુ છે.

રાજસ્થાનના દૌસામાં ૨૪૪ ટકા પાણીનું શોષણ સમગ્ર રાજસ્થાન રાજયમાં પણ, દૌસા એવો જિલ્લો છે કે જેનો ભૂગર્ભજળ શોષણ દર સમગ્ર રાજયમાં સૌથી વધુ છે (૨૪૪%) અને વધુ ભૂગર્ભજળના ઉપયોગ માટે કોઈ અવકાશ નથી. દૌસા જિલ્લામાં આ ૨૪૪% શોષણ દરમાંથી, ૧૯૫% શોષણ દર સિંચાઈમાં ભૂગર્ભજળના ઉપયોગને કારણે છે. દૌસા એ રેડ ઝોન જિલ્લો છે.

જેનું ભુગર્ભ જળનું સ્તર ૬૦૦થી ૧૨૦૦ ફૂટ સુધી પહોંચી ગયું છે. આ મોડલના નિર્માણથી માત્ર રાજસ્થાન અને ગુજરાત જ નહીં સમગ્ર દેશના ખેડૂતો પ્રકૃતિને ધ્યાનમાં રાખીને સિંચાઇ કરવા માટે પ્રેરિત થશે.

## તાપી જિલ્લો : સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/ પેટા ચૂંટણી ૨૦૨૫

### રાજકીય પક્ષોના અનુસૂચિત આદિજાતિ ઉમેદવારોને પ્રમાણપત્રની ખરાઈ કરાવવા આયોગની સૂચના



**તાપી-**રાજય ચુંટણી આયોગના તા. ૧૬/૧૧/૨૦૨૪ ના પત્રથી ગુજરાત અનુસુચિત જાતિ, અનુસુચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગો (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનુંખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત અધિનિયમ ૨૦૧૮ હેઠળ બનેલ ગુજરાત અનુસુચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગો (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનુંખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત નિયમો-૨૦૨૦ ની જોગવાઇ અનુસાર સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીઓમાં રાજકીય પક્ષોના આદિજાતિ ઉમેદવારો અગાઉથી પ્રમાણપત્ર (ચકાસણી સમિતિના ખરાઇ પ્રમાણપત્ર સહિત) મેળવી શકે તે હેતુસર તમામ રાજકીય પક્ષના જિલ્લા/તાલુકા પ્રમુખોને તેમના સંભવિત ઉમેદવારોના આદિજાતિના પ્રમાણપત્રોની ખરાઇ કરાવી ખરાઈ પ્રમાણપત્ર મેળવી લેવા આયોગ તરફથી સુચના આપવામાં આવેલ છે.

તાજેતરમાં ગુજરાત અનુસુચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગો (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું ખરાઈ કરવાનું નિયમન કરવા) બાબત નિયમો-૨૦૨૦ ના પેટા નિયમ ૧૦ ની જોગવાઇમાં સુધારો કરવામાં આવેલ છે, જે અંગેના સંદર્ભિત પત્રની નકલ આ લગત સામેલ છે. અધિક જિલ્લાના ચુંટણી અધિકારી (સ્થાનિક સ્વરાજય સંસ્થાઓ) અને નિવાસી અધિક કલેક્ટર (તાપી, વ્યારા) એ રાજકીય પક્ષોના જિલ્લાનાં પ્રમુખો/ મંત્રીશ્રીઓને આ પ્રક્રિયા અંગે માહિતગાર કરવા અને રિપોર્ટ મોકલવા ચૂંટણી આયોગ દ્વારા જણાવાયું છે.

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)- SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).